॥ ૐ  શ્રી સાઈરામ ॥

॥ ૐ  શ્રી સાઈ ભક્તપરાધીનાય નમ: ॥ (૭૨)

## ભક્તોની ભક્તિથી બદ્ધ (બંધાયેલા) થયેલા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે-“ પૂજ્યેશ્વનુરાગો ભક્તિતિ”. અર્થાત્ જે પૂજ્ય છે. તેમના પરનો પ્રેમ એટલે જ ભક્તિ.

આ ભક્તિના બે પ્રકાર છે. સહજ ભક્તિ અને વિશેષ ભક્તિ. પૂજા, અર્ચના, ભજન, નામસ્મરણ, વ્રત, તીર્થયાત્રા, વગેરે પર સમાધાન માને તે સહજભક્તિ અને ચારિત્ર્યસંપન્નતા, આવેગને કાબૂમાં કરવાની વૃત્તિ, દયા, પ્રેમ, શાંતિ, અહિંસા અંગભૂત કરવા માટે ભગવાનને વિનવણી (આજીજી) કરવી તે છે વિશેષ ભક્તિ.

ભક્તિના ભક્તિયુક્ત માર્ગ પરથી ચાલતા આરાધનાના નવ પ્રકાર આવે છે. શ્રવણમ, કીર્તન, વિષ્ણુ સ્મરણ, પાદસેવન, વંદન, અર્ચનમ, દાસ્ય, સ્નેહ, આત્મનિવેદનમ્ (સંપૂર્ણ શરણાગતિ). ભક્તની આવી રીતે સંપૂર્ણ શરણાગત થઈને કરેલી ભક્તિથી ભગવાન બદ્ધ થાય છે.

સુદામાના પૌઆ ખાવા, વિદુરના ઘરે કણકી ખાવી, જનાબાઈના વસ્ત્રો ધોવાં, એકનાથને ઘરે ‘શ્રીખંડ્યા’ નું રૂપ લઈને ઘરના બધા કામ કરવા, કબીરના વસ્ત્રો વણવા આ બધા ભક્ત પરાધીનતાના ઉદાહરણ છે.

જ્યારે સ્વામીનું રહેઠાણ જૂના મંદિરમાં હતું, તે વખતની આ એક કથા. સક્કમ્માબાઈ નામના વૃદ્ધ મહિલા ભક્ત હતા. તેમને સ્વામીનો વિરહ બિલકુલ સહન થતો નહોતો. સ્વામીએ નિયત સમય પર આહાર લેવો જોઈએ એવું તેમને લાગતું. બપોરના તડકામાં ફરવાથી સ્વામીની તબિયત બગડશે, એવી તેમને બીક લાગતી. એટલે તે સતત સ્વામીની પાછળ પાછળ ફરતા. પરંતુ આ નટખટ ભગવાનને એક જગ્યાએ બાંધી રાખવામાં તે નિષ્ફળ જતા, એટલે સ્વામી જ્યારે તેમની નજરથી દૂર થતા, ત્યારે તે લાકડીનો સહારો લઈને આખું ગામ ફરીને તેમને શોધતા. છેલ્લે થાકીને તે મંદિર તરફ પાછા આવતા, અને અંદર ડોકાઈને જોતા, તો સ્વામી આરામ કરતા તેમને દેખાતા. આ જોઈને તેમને અત્યંત ખુશી થતી. આ આરામ કરવાનું નાટક સ્વામી સકમ્માબાઈની ખુશી માટે કરતા જ્યારે તે પાછા વળતા ત્યારે ફરીથી સ્વામી ત્યાંથી નીકળી જતા.

તે જ સમયમાં બુકાપટ્ટનમથી યાદાલમ સુબમ્માબાઈ નામની એક મહિલા ભક્ત સ્વામીના દર્શન માટે આવતી. તે વખતે પ્રવાસ કરવો સહેલો નહોતો. મળે તે વાહનમાં બેસીને તે પુટ્ટપર્તિ આવતી. આવતી વખતે મગના ઢોસા અને ચટણી લઈને આવતી. આ ઢોસા સવારે કરેલા હોય, પરંતુ તેને જોતા જ સ્વામી તેની હાથમાંની થેલી લઈ લેતા અને તેમાંના ઢોસા અને ચટણી આનંદથી ખાતા. આ જોઈને યાદોલમ્ સુબમ્માબાઈના આનંદનો પાર રહેતો નહોતો.

અનેક ભક્તો પંચ પક્વાન લઈને આવતા પરંતુ તે તરફ ધ્યાન ન આપતા, ઠંડા થયેલા ઢોસા અને ચટણી ભક્તના પ્રેમ ખાતર ખાવા એ ભક્ત પરાધીનતાનું ઉત્તમ ઉદાહરણ છે.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||